બિનસરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના બિન શૈક્ષણિક કર્મચારીઓનું સંખ્યાબળ નકકી કરવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ બમશ-૧૧-૨૦૦૯-૩૬૦૦૭૧-ગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- ૨૬.૧૦.૨૦૦૯

વંચાણે લીધાઃ-

શિક્ષણ વિભાગનો તા. ૨૨.૨.૯૯ નો ઠરાવ ક્રમાંકઃ બમશ-૧૩૯૪-૩૬૪(૯૭)-ગ.

ઠરાવ :-

રાજયની બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં બિન શૈક્ષણિક કારકુન સંવર્ગની જગ્યાઓ મંજુર કરવા અંગેના નોર્મ્સ ઉપર વંચાણે લીધેલ તા. ૨૨.૨.૯૯ ના ઠરાવથી નિયત કરવામાં આવેલ. ત્યારબાદ રાજય સરકાર ધ્વારા રાજય વહીવટ અને શાળાઓને પણ કોમ્પ્યુટર સહિતની સુવિધાઓ પુરી પાડેલ છે. તેના અનુસંધાને રાજય સરકાર ધ્વારા તાજેતરમાં સરકારી કચેરીઓમાં કારકુનની જગ્યાઓ રદ કરવા માટે નિર્ણય લેવાયેલ છે. ગ્રાન્ટ ઇન એઇડ સંસ્થાઓને પણ રાજય સરકાર ધ્વારા પગાર અને નિભાવ ગ્રાન્ટ ઉપરાંત અન્ય સુવિધાઓ ઉપલબ્ધ કરવા માટે મોટા પ્રમાણમાં ગ્રાન્ટની તથા સાધનોની ફાળવણી કરવામાં આવે છે. તેથી ઉકત ઠરાવથી નોર્મ્સ મંજુર કરવામાં આવ્યા બાદ શાળાઓના ઇન્ફ્રાસ્ટ્રકચર, વિજ્ઞાન અને પ્રાદ્યોગિકીનો વિકાસ તથા કામગીરીમાં કોમ્પ્યુટરાઇઝેશન વગેરેને કારણે આવેલી સરળતાઓને અનુલક્ષીને ૧૯૯૯ માં જે તે સમયની પરિસ્થિતિ પ્રમાણે નકકી થયેલ નોર્મ્સમાં સુધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે આથી નીચે મુજબના નોર્મ્સ નકકી કરવામાં આવે છે.

| ક્રમ | વિધાર્થી સંખ્યા | જગ્યા | કુલ |
|---|---|---|---|
| ૧ | ૧ થી ૫૦૦ વિધાર્થી માટે | જુનીયર કલાર્ક - ૧<br>પટાવાળા - ૧ | બે |
| ૨ | ૫૦૧ થી ૨૦૦૦ વિધાર્થી માટે | જુનીયર કલાર્ક - ૨<br>પટાવાળા - ૧ | ત્રણ |
| ૩ | ૨૦૦૧ થી વધારે વિધાર્થી માટે | જુનીયર કલાર્ક - ૨<br>સીનીયર કલાર્ક - ૧<br>પટાવાળા - ૨ | પાંચ |

આ હુકમોનો તાત્કાલિક અસરથી અમલ કરવાનો રહેશે. ગ્રાન્ટ ઇન એઇડ શાળાઓમાં મંજુર થતું બિનશૈક્ષણિક કર્મચારીઓનું સંખ્યાબળ વિધાર્થી આધારીત છે અને વિધાર્થી સંખ્યા દર વર્ષે બદલાતી રહે છે તેથી અગાઉ જે શાળાઓએ બિનશૈક્ષણિક જગ્યાઓ માટેની જુના નોર્મ્સ મુજબ દરખાસ્ત કે માંગણી રજુ કરી હશે તેને બદલે ઉકત સુધારેલ નોર્મ્સ મુજબ જે તે શાળાની વિધાર્થી સંખ્યાની પુનઃ ચકાસણી કરી ખરેખર મળવાપાત્ર જગ્યાઓની વિગતો મેળવ્યા બાદ સુધારેલ નોર્મ્સ મુજબ વિધાર્થી સંખ્યા સામે જો બિનશૈક્ષણિક કર્મચારી મળવાપાત્ર હોય તો વધારાનું મહેકમ મંજુર કરવા એન.ઓ.સી. આપવાનું રહેશે પરંતુ, જે સંજોગોમાં અગાઉના નોર્મ્સ પ્રમાણે જગ્યાઓ મંજુર થયેલ છે તેમાં હાલ પુરતો કોઇ ઘટાડો કરવાનો રહેશે નહીં. ઉકત નોર્મ્સ આ હુકમો બહાર પડયા તારીખથી અમલમાં ગણવાના રહેતા હોઇ જે તે જિલ્લા શિક્ષણાધિકારી ધ્વારા સહાયક

સંવર્ગથી ફીકસ પગારથી નાણાં વિભાગના પ્રવર્તમાન નિયમો અનુસાર જયારે સંસ્થાની એન.ઓ.સી. માટેની માંગણી મળે ત્યારે ઉક્ત નોર્મ્સ મુજબ પુનઃ ચકાસણી કર્યા બાદ જ મંજુરી આપવા ખાસ કાળજી રાખવાની રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા. ૨૬.૧૦.૨૦૦૯ ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( એચ.એમ.સારંગ )
ઉપસચિવ,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન ,ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી શિક્ષણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી શિક્ષણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી,મધ્યાહન ભોજન યોજના અને શાળાઓની કચેરી,ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ......................તમામ
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ / રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર / અમદાવાદ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર / અમદાવાદ.
- નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત માધ્યમિક શિક્ષણ પંચ, અમદાવાદ.
- સંબંધિત સરકાર માન્ય સંઘો ( કમિશ્નરશ્રી, શાળાઓ મારફત......)
- સીલેકટ ફાઇલ.